**સને.૨૦૧૩-૨૦૧૪ ના વર્ષની નવી બાબત.**
**નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળના નવા રચાયેલા સાત જિલ્લામાં બોટાદ,મોરબી દ્વારકા,સોમનાથ (ગીર), અરવલ્લી,છોટા ઉદેપુર અને મહીસાગર જીલ્લામાં પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી (વર્ગ.૧) ની નવી કચેરી શરૂ કરવા માટેની રૂા.૩૩.૦૩ લાખની નવી બાબતને વહીવટી મંજુરી આપવા અંગે.**

---

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ- મકમ/૧૦૨૦૧૨/૭૫૮૪૭૩/જ**
સચિવાલય,ગાંધીનગર.
**તારીખઃ- ૬ /૯/૨૦૧૩**

**વંચાણે લીધા :-**

(૧) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણનો તા.૧૦/૧૨/૨૦૧૨ નો પત્રાંકઃ- અજાક/મકમ/નબા/૨૯૭૮/૨૦૧૨/ક.

**આમુખ :-**

નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણનાં ક્રમ.(૧) માં દર્શાવેલ તા.૧૦/૧૨/૨૦૧૨ નાં પત્ર અન્વયે, આ ખાતા હેઠળ હાલમાં નવા રચાયેલા સાત જીલ્લા બોટાદ,મોરબી,દ્વારકા,સોમનાથ (ગીર), અરવલ્લી,છોટા ઉદેપુર અને મહીસાગર જીલ્લામાં જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીની નવી કચેરી શરૂ કરવા માટે સને.૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટેની નવી બાબત તરીકે રજૂ કરવામાં આવેલ છે.

ઉપર્યુકત સાત જીલ્લાઓમાં જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી (વર્ગ.૧) ની નવી કચેરી શરૂ કરવાની બાબતને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :-**

પુખ્ત વિચારણાને અંતે તાજેતરમાં નવા રચાયેલા સાત જીલ્લાઓ, બોટાદ, મોરબી દ્વારકા, સોમનાથ (ગીર) અરવલ્લી,છોટા ઉદેપુર અને મહીસાગર જીલ્લામાં જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીની નવી કચેરી શરૂ કરવા માટે જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી વર્ગ.૧ની સાત જગ્યા (જીલ્લ દીઠ એક લેખે ) નવી ઉભી કરવાની સને.૨૦૧૩-૨૦૧૪ ના વર્ષ નવી બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૬૩)

(૧) વર્ષ.૨૦૧૩–૧૪ની બજેટ જોગવાઈને આધિન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ બાબત તરીકે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૫) વર્ગ–૧ અને વર્ગ.૨ની જગ્યાઓ ભરતી નિયમોમાં ઠરાવેલ રેશિયોની જોગવાઈ મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૬) જે તે જગ્યાઓના પગાર ધોરણો આ.ઓ.પી.૨૦૦૯ પ્રમાણે છે કે કેમ ? તે ચકાસી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૭) સીધી ભરતીથી નિમણૂંક પામનારા ઉમેદવારોને નિયમિત નિમણૂંક અળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ– નપન/૨૦૦૩/ જી.ઓ.આઈ/૧૦/પી તથા તા.૨૭/૯/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ– નપન/૨૦૦૩/જી.ઓ.આઈ./૧૦/પા.ફા/પી જોગવાઈ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે તથા આ અંગેના વખતો વખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણૂંક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

(૮) આ જગ્યાઓ ભરતી વખતે બેંકલોગની ખાલી જગ્યાઓ ભરવાને અગ્રીમતા આપવાની રહેશે તથા અનામતનું ધોરણ નિયમાનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે.

(૯) આ જગ્યાઓ પરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો/નીતિઓની જોગવાઈ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) આ અંગેનો ખર્ચ નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની સમય મર્યાદામાં રહીને જે તે નાણાંકીય વર્ષમાં જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજય સરકારના વખતો વખતના નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપીએ ત્યાર બાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થો તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત નાણાંકીય સલાહકારશ્રીને રજુ કરી મંજુરી મેળવવાની રહેશે.

(૧૫) વર્ષના અંતે કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૧૬) આ યોજના અંગેનું ખર્ચ તા.૧/૪/૨૦૧૩ પછી જ કરવાનું રહેશે.

(૧૭) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પણ નાણાં વિભાગની તા.૩૧/૮/૨૦૧૩ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**( આર.જે.માકડિયા)**
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

(૧) માન.મંત્રીશ્રી (સા.ન્યા) અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

(૨) અગ્ર સચિવશ્રી (સા.ન્યા) અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

(૩) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,૪/૨,ર્ડા.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૪) એકાઉન્ટ જનરલ,ગુજરાત રાજય.અમદાવાદ/રાજકોટ

(૫) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૬) નાણાં સલાહકારશ્રી,(આર એન્ડ બી),સચિવાલય,ગાંધીનગર.

(૭) સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી (નિયામકશ્રી,અ.જા.ક મારફતે)

(૮) બજેટ શાખા,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૯) સિલેકટ ફાઈલ.

RAJ-50-40-42